# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩/ક્વા-૩/૧૯-૨૦/૭૮૫૨** **તા.૩૦–૧૧–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **હિરેન જગદીશભાઈ અધડુક** ગામ: **ધોરાજી ગ્રામ્ય**
રજૂઆત કરનાર: **અરજદાર હિરેન જગદીશભાઈ અધડુક હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ધોરાજી**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **જે.એ.ગોસાઈ** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ધોરાજી**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૯-૧૧-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯-૧૧-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર હિરેન જગદીશભાઈ અધડુક ગામ -ધોરાજી ગ્રામ્ય, તેઓની અરજીના નોંધણી નં: ૩/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ મોટીમારડ ગામના સર્વે નંબરઃ ૩૮૪ સરકારી જમીનમાં – બ્લેક ટ્રેપ ખનીજ ની કવોરીલીઝ માટે – સરકાર શ્રી દ્વારા તા.૧૯–૦૯–૦૭ થી તા.૩૧–૦૩–૩૦ સુધી લીઝ કરી અપાયેલ છે. જેમા વીજજોડાણ સ્ટોનક્રશરના હેતુ માટે તા.૧૧–૦૩–૧૯ એસ.આર. નં.–૧૧૭૩૮૭૨૯ થી ૧૦૦ કીવો ના ઓર્દ્યોગીક વીજજોડાણ મેળવવા માટે જરૂરી આધારો સાથે અરજી કરેલ. ધોરાજી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૫–૦૭–૧૯ થી જણાવેલ કે સદર જગ્યા મુખ્ય રસ્તાથી ૫૦૦ મીટર થી વધુ દુર છે. જેથી, ગામતળ બહાર વીજજોડાણ માટેના પરીપત્ર મુજબ – વીજજોડાણ આપી શકાય નહી. જેથી, અરજી રદબાતલ કરેલ છે. તેમજ સરકાર શ્રી દ્વારા સદર પડતર જમીન સરકારી ખરાબો છે, કોઈ ખેતીની જમીન નથી. જેથી, ગામતળ બહાર સરકયુલર ની શરતો / માર્ગદર્શીકા અમોને લાગુ પડતી નથી. જેથી – ભાવપત્રક ફીકસચાર્જ ના ધોરણે આપવામા આવે – તે મુજબ ની અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર શ્રી હિરેનભાઈ જગદીશભાઈ અધડુક દ્વારા ધોરાજી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી હેઠળ સ્ટોન ક્રશરનાં હેતુનું ૧૦૦ KW નાં નવા ઔદ્યોગિક વીજ જોડાણ માટે રસીદ નંબર ૫૧૧૫૬૧ થી તારીખ ૧૧.૦૩.૨૦૧૯ના રોજ અરજી કરવામાં આવેલ હતી. જે અરજીના અનુસંધાને સંલગ્ન પેટા વિભાગીય કચેરી દ્વારા કંપનીનાં નિયમાનુસારની વીજજોડાણ આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. અરજદારની અરજીના અનુસંધાને સંલગ્ન પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ પર જરૂરી સર્વે કરી, તે મુજબની દરખાસ્ત તૈયાર કરી- મંજુરી માટે ઈ-ઉર્જા સીસ્ટમમાં વર્કફ્લો લોન્ચ કરવામાં આવેલ હતો. સદર કેસ અરજદારના વીજ જોડાણ માટે ઉભી કરવાની થતી વીજ લાઈનની લંબાઈ ૨.૨ કિલોમીટર હોય અને ૧૦૦ KW નાં વીજ જોડાણનું ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરવાનું થતું હોય- સદર દરખાસ્તની મંજુરી નિગમિત કચેરીનાં ડી.ઓ.પી.માં આવતી હોય, દરખાસ્તનો વર્કફ્લો વિભાગીય કચેરી અને વર્તુળ કચેરીમાંથી જરૂરી તાંત્રિક મંજૂરી અન્વયે નિગમિત કચેરીમાં ગયેલ હતો.

નિગમિત કચેરીના સદર દરખાસ્ત અન્વયે ઓબ્ઝર્વેશન આવેલ, જેમાંનું ઓબ્ઝર્વેશન નંબર (૩) માં જણાવ્યા મુજબ સદર માંગણીવાળી જગ્યા ગામતળ બહાર આવતી હોય, ૧૧ કે.વી. લાઈનમાં એચ.ટી.એ.બી. કેબલ પ્રપોઝ કરવાનું અને લાઈન ચાર્જ અરજદાર પાસેથી વસુલવાનું જણાવેલ તેમજ ઓબ્ઝર્વેશન નંબર (૪) મુજબ ગામતળ બહારનાં વિસ્તારમાં આપવાના થતા વીજ જોડાણનાં પરિપત્ર મુજબ સદર માંગણીવાળી જગ્યા અપ્રોચ રોડથી ૫૦૦ મીટરની અંદર આવતી હોવાનું સર્ટીફીકેટ રજુ કરી પુન: દરખાસ્ત કરવાની સૂચના આપેલ – જે અન્વયે સંલગ્ન નાયબ ઈજનેરશ્રી, ધોરાજી ગ્રામ્ય પેટાવિભાગ દ્વારા સંયુક્ત રીતે સ્થળ તપાસણી અર્થે જતા, સદર માંગણી વાળી જગ્યા, મોટી મારડ ગામના ખેતીવાડી વિસ્તારમાં, મારડીયાનાં ડુંગર તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલી છે અને સદર જગ્યા અપ્રોચ રોડથી ૫૦૦ મીટરની અંદર આવેલ ન હોવાનું જોવા મળેલ. વધુમાં, સદર જગ્યા મોટીમારડ થી ચીખલીયા ગામે જતા ડામર રોડથી આશરે ૨.૨ કિલોમીટરનાં અંતરે આવેલ છે. આથી અરજદારને ધોરાજી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર- ડીઆરએસડી/ટેક/૩૮૯૧ તારીખ:- ૦૫-૦૭-૨૦૧૯ થી અરજદારની નવા ઔદ્યોગિક વીજ જોડાણની અરજી દફતરે કરવાની જાણ કરવામાં આવેલ. સદર કેસમાં મંજુરી માટે ઈ-ઉર્જા સીસ્ટમમાં લોન્ચ કરવામાં આવેલ વર્કફ્લોની નકલ ફોરમ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી હિરેનભાઈ જગદીશભાઈ અધડુક દ્વારા મોટીમારડ ગામના સર્વે નંબરઃ ૩૮૪ સરકારી જમીનમાં – બ્લેક ટ્રેપ ખનીજ ની ક્વોરીલીઝ માટે – સરકાર શ્રી દ્વારા તા.૧૯–૦૯–૦૭ થી તા.૩૧–૦૩–૩૦ સુધી લીઝ કરી અપાયેલ છે. જેમા વીજજોડાણ સ્ટોનક્રશરના હેતુ માટે ધોરાજી ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી હેઠળ ૧૦૦ KW નાં નવા ઔદ્યોગિક વીજ જોડાણ માટે રસીદ નંબર ૫૧૧૫૬૧ થી તારીખ ૧૧.૦૩.૨૦૧૯ના રોજ અરજી કરવામાં આવેલ હતી. પરંતુ, પેટા વિભાગીય કચેરીના પત્ર તા.૦૫–૦૭–૧૯ મુજબ – ગામતળ ના સરકયુલર મુજબ અને અરજી મા જણાવ્યા મુજબ – લીઝ તારીખ–૨૩–૧૧–૦૭ થી ૦૩ વર્ષ માટે મંજુર કરાયેલ છે. જેથી, હાલની મંજુર કરાયેલ લીઝનો પત્ર માંગવામા આવેલ – પરંતુ તે રજુ કરેલ ન હોવાથી સદર અરજી દફતરે કરેલ છે. જેથી, અરજદારને વીજજોડાણ મળવા અંગેની કાર્યવાહી ન થતા – અરજદારે ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ વીજવિતરણ કંપનીઓ મા, હાલ ના તબ્બકે, રાજય સરકાર શ્રી ના, અદ્યતન સ્થિતી ના માર્ગદર્શન મુજબ – એટલેકે, રાજય સરકાર શ્રી ના, પરીપત્ર નંબરઃ જીયુવી/૨૦૧૬/૩૮૮૫/ક–૧, તા.૨૪–૦૧–૧૭ ને આનુષાંગીક રહીને – જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨/ આર.એન.આર/૨૭૧૯, તા.૩૦–૦૧–૧૭ ના મુદદા નં. ૪ ( ખેતીવાડી વિષયક અથવા અન્ય હેતુ માટે ની જમીનમાં ઓર્દ્યોગીક / વાણીજય / એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ના વીજજોડાણો માટે ની ૨૪ કલાકના ફીડર પરથી – વીજજોડાણ આપવાની સર્વગ્રાહી નિતી) ના પેટા મુદદા નં. (૩) ના વિસ્તૃત મુદદા નં. (૬) મુજબ ની વિગતે – '' ગામતળ ની બહાર આવેલ એવી અન્ય હેતુ ની જમીન પર – ૦૬ કીવો થી વધુ વીજ

માંગ વાળા – અન્ય પ્રકાર ના નવા જોડાણો માટે – આવા જોડાણો આપવા માટે ઉભા કરવામા આવતી માળખાકીય સુવિધા ને લગતો તમામ ખર્ચ, જે અરજદાર પાસેથી વસુલીને – જે તે સમય ના ધારાધોરણ અને લાગુ પડતા ટેરીફ મુજબ, જોડાણો આપવામા આવે છે.'' –

તાજેતર મા, માન. ગુજરાત રાજય સરકાર શ્રી તરફથી, અગાઉ અપાયેલ આદેશાત્મક પરીપત્ર મા જરૂરી સ્પષ્ટતા, તેઓ ના પત્ર નંબરઃ જીયુવી / ૨૦૧૬ / ૩૮૮૫ / ક૧ તા.૨૩–૦૮–૧૭ દ્વારા કરવામા આવેલ છે. તેને અનુલક્ષીને જીયુવીએનએલ વડોદરા દ્વારા, તેઓ ના પત્ર નં.: જીયુવીએનએલ –ટેક–૨ – ૧૦૮૫ તા.૦૧–૦૯–૧૭ દ્વારા દરેક કંપની ના માન. મેનેજીંગ ડિરેકટર શ્રી ને, માન. ગુજરાત રાજય સરકાર શ્રી ની ગાઈડલાઈન અનુસાર ''ગામતળ ની બહાર ખેતીની જમીનમાં વિવિધ હેતુ માટે ૨૪ કલાક ના ફીડર પરથી વીજજોડાણો આપવાની સર્વગ્રાહી નિતી બનાવવાનો – સરકારશ્રી નો મુળભુત હેતુ – ખેતીની જમીન – બીનખેતી કરાવ્યા સીવાય – એગ્રોબેઝ ઈન્ડસ્ટ્રીઝ તથા ખેતી સંલગ્ન લધુ ઉર્ધોગોને ૨૪ કલાક વીજપુરવઠો પુરો પાડી આવા ઉર્ધોગોને પ્રોત્સાહન આપવાનો છે. આથી, આ ઠરાવના મુદદા ક્રમાંક ૩,૪,૫ અંતર્ગત – અરજદાર ૨૪ કલાક ના ફીડર પરથી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેતો તેમણે વીજજોડાણ ના વાસ્તવિક ખર્ચ ની રકમ ચુકવવાની રહેશે. પરંતુ બીનખેતી કરાવેલ જમીન માં સમાન પ્રકારની પ્રવૃતિઓ માટે અરજદાર ૨૪ કલાક ના વીજજોડાણ માટે અરજી કરેતો – તેમની પાસેથી અગાઉ ના ધારા–ધોરણો અનુસાર ફીકસચાર્જ વસુલવાની નિતી ચાલુ રાખવાની રહેશે.''સદર સુચના અનુસાર બીનખેતી કરાવેલ અરજદારો પાસેથી અગાઉ ના ધારાધોરણ અનુસાર ફીકસચાર્જ વસુલવાની નિતિ ચાલુ રાખવાનુ જણાવેલ છે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા મોટીમારડ ગામના સર્વે નંબરઃ ૩૮૪ સરકારી જમીનમાં – બ્લેક ટ્રેપ ખનીજ ની કવોરીલીઝ માટે ૧૦૦ કીવો ના ઓર્ધોગીક વીજજોડાણ માટે અરજી કરેલ હોય– તેમજ સરકાર શ્રી દ્વારા સદર પડતર જમીન સરકારી ખરાબો છે, કોઈ ખેતીની જમીન નથી કે બીનખેતી જમીન નથી. જેથી, ગામતળ બહાર વીજજોડાણ માટેના પરીપત્ર મુજબ – અરજદાર ૨૪ કલાક ના ફીડર પરથી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેતો તેમણે વીજજોડાણ ના વાસ્તવિક ખર્ચ ની રકમ ચુકવવાની રહેશે – તે મુજબ અરજદાર ને એચ.વી.ડી.એસ. પધ્ધતિ દ્વારા – ઓવરહેડ એચ.ટી. કેબલ નો ઉપયોગ કરીને નિયમાધીન ભાવપત્રક અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન– ૩૦ મા આપવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯